
25 સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

સંપશક્તિ



જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

આ પણે ત્યાં એક પંક્તિ બહુ પ્રસિદ્ધ છે-

બહુ જન મળીને જે કરે,
તે જુદે નવ થાય,
સાવરણી ઘર સજ્જ કરે,
સળીઓથી શું થાય?

ખરેખર, ઘણી બધી વ્યક્તિઓ અલગ અલગ સળી લઈ એક ઘર સાફ કરવા મંડી પડે છતાં તે ન થાય પરંતુ તે સળીઓ ભેગી થઈ એક સાવરણી બને તો ફક્ત એક જ વ્યક્તિ દ્વારા ઘણાં ઘર સાફ થઈ શકે. આ જ છે સંપ કે એકતાની શક્તિ!

અમેરિકા કેલિફોર્નિયામાં આવેલ રેડવુડ નામનાં વૃક્ષોની ઊંચાઈ 300-350 ફીટ હોય છે. આ વૃક્ષો એવી જગ્યાએ છે કે જ્યાં 1 વર્ષમાં 70,000થી વધુ ભૂકંપ આવે છે. અર્થાત દર 7 મિનિટે 1 ભૂકંપ. જેમાં 0.5 થી લઈને 4-5 સ્કેલ સુધીના ભૂકંપ પણ હોય પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ધરતીની આવી ધ્રૂજારીઓ વચ્ચે પણ આ વૃક્ષો 2500 વર્ષથી આજે પણ અડીખમ ઊભાં છે પરંતુ, વધુ આશ્ચર્ય એ છે કે આ વૃક્ષના મૂળની ઊંડાઈ કેવળ 3.5 ફિટ જ છે. છતાં વર્ષોથી કાંઈ નથી થયું તેનું કારણ છે સંપ. હા, તેનાં મૂળ ઊંડાં નથી પરંતુ એકમેકની સાથે જોડાયેલાં અને ગુંથાયેલાં છે. એટલે જ આ વૃક્ષો વર્ષોથી ઉત્તુંગ શિખરોની જેમ પ્રકૃતિની શોભા વધારી રહ્યાં છે.

હેન્રિ લોંગફેલો કહે છે : 'All your strength is in your union' અર્થાત એકતામાં જ તમારી શક્તિ રહેલી છે.

વાલ્મીકિ રામાયણના યુદ્ધકાંડમાં ઉલ્લેખ આવે છે કે બધા વાનરોએ એકમના થઈ રામસેતુ નિર્માણ કરવાનો પ્રારંભ કર્યો. કોઈએ માપવા માટે દંડ પકડ્યો, કોઈએ સામગ્રી એકઠી કરી અને કોઈ વળી મોટી મોટી શિલાઓ અને પર્વતનાં શિખરો લઈને ગોઠવવા લાગ્યા. ભગવાન શ્રીરામની આજ્ઞાથી અને સ્વયંના સંપથી પ્રથમ દિને જ ૧૪ યોજન લાંબો સેતુ બાંધી દીધો પરંતુ આશ્ચર્ય ઉપજાવે એવી વાત એ હતી કે ૧૦૦ યોજન લાંબો સેતુ કેવળ ૫ દિવસમાં નિર્માણ કરી દીધો. જે સંપશક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય.

હેન્રી ફોર્ડ (અમેરિકન ઉદ્યોગપતિ) કહે છે: 'Coming together is the beginning, staying together is progress, working together is success.' અર્થાત ભેગા થવું તે શરૂઆત છે, ભેગા રહેવું તે પ્રગતિ છે પરંતુ ભેગા મળીને કાર્ય કરવું તે જ ખરેખરી સફળતા છે. તેથી જ કહી શકાય કે સર્વનો એક વિચાર, એક રુચિ, એક કાર્ય, એક ધ્યેયનો સમન્વય એટલે સંપ. અરે માટી પણ સંપ કરે તો ઈંટ બને. ઈંટોના સંપથી ભીંત અને ભીંતો એકબીજાને મળે ત્યારે એક મકાન બને છે પરંતુ જ્યારે તેમાં રહેવાવાળા માનવો સંપે ત્યારે એક ઘરનું સર્જન થાય છે. નિર્જીવ એવી માટી, ઈંટ અને ભીંત એકમેક સાથે જોડાઈને કંઈક નવું સર્જન કરી શકતી હોય તો લાગણી અને સમજણના ભાવથી મિશ્રિત માનવથી શું ના થાય?

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતમાં જણાવે છે કે, ''એક રુચિવાળા બે હોય તો લાખો અને હજારો છે.'' ખરેખર સંપ - એ અદૃશ્ય શક્તિ છે. જે દેખાતી નથી પણ તેનો અનુભવ ચોક્કસ થાય. જ્યારે પણ એક રુચિવાળા એકથી વધારે મનુષ્ય ભેગા થાય ત્યારે કોઈ અદ્વિતીય સર્જન થતું હોય છે.

ભારતની રાજધાની નવી દિલ્હીમાં પ્રમુખસ્વામી મહારાજ દ્વારા રચાયેલું વિશ્વનું સૌથી મોટું જીવંત હિન્દુ મંદિર સ્વામીનારાયણ અક્ષરધામ (૨૦૦૭ ગીનીસ વર્લ્ડ રેકોર્ડ પ્રમાણે) સંપશક્તિનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે. ગત 800 વર્ષોમાં ભારતમાં રચાયેલાં સ્થાપત્યોમાં અક્ષરધામ બેનમૂન છે. અહીં વિરાટ પડદા પર બાળયોગી નીલકંઠવર્ણીની ભારતયાત્રા પર રચાયેલી અદ્વિતીય લાર્જ ફોર્મેટ ફિલ્મ છે. હિમાલયની ૧૨,૦૦૦ ફૂટ ઊંચાઈથી લઈને કેરળના સમુદ્રપટ સુધી ઝડપાયેલાં રોમાંચક દૃશ્યો આમાં છે જેમાં ભારતનાં ૧૦૦ સ્થળો પર કુલ ૪૫,૦૦૦ પાત્રો સાથે ફિલ્માંકન થયું જે સંપનું સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે.

૧૧,૦૦૦ શિલ્પીઓ-સ્વયંસેવકોનાં ૩૦ કરોડ માનવ કલાકોના સહિયારા સંપથી માત્ર પાંચ જ વર્ષમાં સજીવન થયું ભારતીય સંસ્કૃતિની ગરિમા સમાન ભવ્ય સાંસ્કૃતિક સ્થાપત્ય એટલે અક્ષરધામ! શતાબ્દીઓમાં એક જ વાર સર્જન પામે તેવું આ સાંસ્કૃતિક પરિસર કેવળ સંપના તાંતણે જ ગૂંથાયું છે. હા, સંતો અને ભક્તોનો સહિયારો પુરુષાર્થ અને પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદનું જ પરિણામ છે આ અજોડ મંદિર.

> ધાતુના ટુકડાઓ સંપે ત્યારે યંત્ર બને છે, ઇંટ-પથ્થર સંપે તો મહાલય બને છે, વૃક્ષો સંપે ત્યારે વન-ઉપવન બને છે, વ્યક્તિ સંપે તો પરિવાર બને અને પરિવાર સંપે ત્યારે સમાજ બને છે અને સમાજ સંપે તો સાચું રાષ્ટ્ર બને

ખરેખર, ધાતુના ટુકડાઓ સંપે ત્યારે યંત્ર બને છે. ઇંટ-પથ્થર સંપે તો મહાલય બને છે. વૃક્ષો સંપે ત્યારે વન-ઉપવન બને છે. વ્યક્તિ સંપે તો પરિવાર બને અને પરિવાર સંપે ત્યારે સમાજ બને છે અને સમાજ સંપે તો સાચું રાષ્ટ્ર બને!

આત્મ-સ્મૃતિનો દીપ પ્રગટાવીએ



જીવનની વસ્ત્રોવસ્ત્ર
શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

ભા રતીય જનજીવનમાં આવતા તહેવારો અનેકવિધ ભાવનાઓ રૂપી પુષ્પોનો પમરાટ લઈને આપણી સમક્ષ આવે છે. રાષ્ટ્રીય, સામાજિક, ઐતિહાસિક, પૌરાણિક, ધાર્મિક અને આધ્યાત્મિક દૃષ્ટિકોણથી તહેવારો ઉજવાય છે. દરેક પર્વને પોતાનાં અનોખાં રૂપ રંગ હોય છે. પણ દિવાળીનું પર્વ આનંદ, ઉલ્લાસના અભિષેકથી માનવ હૈયાઓને નિર્મળ સ્નેહની અનુભૂતિ કરાવે છે. દીપાવલીનું પર્વ અનેક કથાઓ સાથે જોડાયેલું છે. આજ સુધી આપણે આ પર્વને ઉજવતા આવ્યા છીએ તેથી તે વિશે આપણે માહિતગાર પણ છીએ. અમાસની અંધારી રાતે જ્યારે તિમિરની કાલિમા સર્વત્ર પથરાઈ ગઈ હોય છે ત્યારે દીપકનું પ્રગટ થવું એ કેટલું આકર્ષક લાગે છે. દીપકનું પ્રગટવું એટલે વિષાદયુક્ત વદન ઉપર પ્રન્નસન્તાનું સ્મિત! ઉરનો આનંદ મુખારવિંદ પર ડોકિયાં કરે છે. પરંતુ પરંપરાગત રીતે દીપકો પ્રગટાવીને અલ્પકાળની આનંદની અનુભૂતિ કરતાં માનવો જ્યારે દીપાવલીનું સાચું આધ્યાત્મિક રહસ્ય જાણે ત્યારે શાશ્વત આનંદાનુભૂતિ થાય છે. ઘર આંગણે તો દિવાળીના દીપક પ્રગટાવ્યા, પરંતુ અજ્ઞાનની અંધકારમય અમાવસની રાત્રી તો ગઈ નહીં; દુકાનો, મકાનો, મેડા, મહોલ્લાની ભીંતો કાચા પાકા રંગથી રંગાઈ ગઈ. પરંતુ સત્યતા, સ્વચ્છતા, પવિત્રતાના પ્રકાશનો રંગ મન પર ન લાગવાથી ઈશ્વરીય સત્ય પ્રેમના રંગમાં મન ન રંગાયું. મેવા, મિઠાઈ, ભાઈ-પી ને અલ્પ સમય માટે મુખ મીઠું કર્યું. પરંતુ જીવનમાં શ્રેષ્ઠગુણો કે જે નમ્રતા, સહનશીલતા, ધૈર્ય વગેરે ગુણો દ્વારા મન મીઠું ન થવાથી વિકારોની કડવાશ ગઈ નહીં. વસ્ત્રાભૂષણથી સુસજ્જિત થઈને દેહને અતિ આકર્ષક બનાવી દીધો, પરંતુ દિવ્યજ્ઞાનના સાચા શણગારો સજીને આત્માને શ્યામથી સુંદર ન બનાવ્યો. ખૂબ ફટાકડાઓ ફોડી મનોરંજન કર્યું; પરંતુ જન્મ-જમાંતરના બોજારૂપ રહેલા પાપ-કર્મોનાં ફટાકડા ફોડવામાં વિલંબ કરી રહ્યા છે. અરે, દિવાળી મુબારક, સાલમુબારક! કહીને પરસ્પર શુભ વધાઈઓ આપી. પરંતુ આત્મિક દીપકમાં પરમપિતા પરમાત્મા શિવ દ્વારા મળેલ ગીતા જ્ઞાનરૂપી ઘૃત ન નાંખવાથી દિવાળી મુબારકના બદલે, દેવાળુ મુબારક થઈ ગયું અને અંતે નવા વર્ષે જુના વર્ષના ખાતાઓ ચુક્તે કરવા છતાં, જુના અશુદ્ધ વિચારો, વિકલ્પો તથા વિકર્મોના ખાતાઓ નવા વર્ષમાં ચાલુ જ રહ્યા. આ બધું જોઈને વિચાર આવે છે કે આ તે કેવી દિવાળી? પરમપિતા શિવ પરમાત્માનું આ સૃષ્ટિ ઉપર આવવું અર્થાત્ તિમિરનાં પરદાઓને ભેદીને તેજ રાશિનું પ્રકાશવું. પરમપિતા શિવ પરમાત્મા માનવોને દેહ અને આત્માની ભિન્નતા સમજાવી, આત્માના યથાર્થ પરિચય દ્વારા આત્માની જ્યોતિ જગાવે છે. એટલે દીપાવલીનો તહેવાર એ આત્મારૂપી દીપક પ્રગટાવવાનું યાદગાર પર્વ છે. જ્યારે આત્મિક સ્મૃતિનો દીપક જાગૃત થાય છે ત્યારે તેને ચૈતન્ય દીપક કહેવામાં આવે છે અને આ ચૈતન્ય દીપકોની યાદગાર જડ દીપકો રૂપે ઉજવાય છે. તેથી આત્માઓની દીપમાલા અવિનાશી, અમર જ્યોતિ સ્વરૂપની છે. તેથી ચૈતન્ય દીપમાલાના દીપકોનું કર્તવ્ય છે અજ્ઞાનરૂપી અંધકારમાં જ્ઞાનની રોશની કરવાનું. દિવાળી અમાસના અંધકારમાં આવે છે તે બ્રહ્માની રાત, વિષયવિકારોથી અંધકારમય બનેલી સૃષ્ટિનું સૂચન કરે છે. દીપાવલીમાં લોકો સુંદર વસ્ત્રાભૂષણોથી સજ્જ બનીને ઘરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ઘરમાંથી કચરો વાળી ઝૂડીને સાફ કરે છે. વાસ્તવમાં દેહ રૂપી ભવનમાંથી વિષય વિકારોના કચરાને સાફ કરવાનો છે. અને વસ્ત્રાભૂષણોની સ્થૂળ સજાવટને બદલે આત્માનું ઓજસ પ્રગટાવીને દિવ્યગુણોના આભૂષણોથી સજ્જ થવાનું છે. મિઠાઈ આદિ પદાર્થો ખાવાનું રહસ્ય વાસ્તવમાં મુખની મિઠાશ, મુખ દ્વારા મધુર બોલ નીકળવા અને મીઠામાં મીઠા સોના વિષ જેવા પરમાત્માના પરિચય આપવાના કાર્યનું સૂચન કરે છે. આ પર્વમાં લક્ષ્મીનું પણ આવાહન કરવામાં આવે છે પણ લક્ષ્મીનું આહ્વાન આવા કલુષિત વાતાવરણમાં થઈ શકે ? લક્ષ્મીના આવાહન માટેનો પુરુષાર્થ છે પવિત્રતા અને દિવ્ય ગુણોની ધારણા દ્વારા દેવત્વની પ્રાપ્તિ જ્યારે આત્મા દેવત્વના ગુણોને ધારણા કરે છે ત્યારે તે ભવિષ્યમાં આવનાર સતયુગમાં સુખ શાંતિ સમૃદ્ધિથી ભરપૂર અર્થાત્ ધન ધાન્ય અને વૈભવોથી સંપન્ન એવી સોનેરી દુનિયાને પ્રાપ્ત કરે છે. આ દુનિયામાં શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનું રાજ્ય હોય છે, ત્યારે આપણે શ્રી લક્ષ્મીને નજરે નિહાળી શકીશું અહીં તો માત્ર ભાવનાઓથી તેમનું આવાહન કરીએ છીએ.દિવાળીના દિવસે વેપારીઓ પોતાના ચોપડાઓના ખાતાં જુએ છે જૂનાં ખાતાં ચુક્તે કરી નવાં ખાટાંની શરૂઆત કરે છે. આપણી સંપૂર્ણ સ્થિતિનું આવાહન કરીને જ દિવાળી ઉજવવાની છે

> આત્મિક સ્મૃતિનો દીપક જાગૃત થાય છે ત્યારે તેને ચૈતન્ય દીપક કહેવામાં આવે છે અને આ ચૈતન્ય દીપકોની યાદગાર જડ દીપકો રૂપે ઉજવાય છે

આત્મારૂપી દીપક સતત પ્રકાશમાન રહે તે માટે પ્રવૃત્તિમાં રહેવા છતાં સદા દેહ દેહના સંબંધથી નિવૃત્ત થઈ શ્રેષ્ઠ સ્થિતિની અનુભૂતિ કરવાની છે. લક્ષ્મીની સાથે ગણેશનું પૂજન થાય છે તે બુદ્ધિમાન ઈશ્વરીય સંતાનની પૂજા છે. તો આદિ મધ્ય અંતનાં ત્રણે કાળના જ્ઞાનસ્વરૂપ બનીને વર્તમાન સમયે પોતાનો આત્મિક દીપક પ્રકાશિત રાખવાનો છે. વાયુમંડળ વાયબ્રેશન અને સંગના વિષથી મુક્ત બનતાં આતમદીપીને માયાનાં વિષો નડશે નહીં. ગમે તેવાં તોફાનો આવે છતાં સદા એકરસ અખંડ જ્યોતિસ્માન દીપક જબલતો રહે તો દીપાવલીના પર્વની ઉજવણી સાર્થક થશે.મિત્રો આપણે સાચા અર્થમાં આત્મારૂપી દીપક પ્રજ્વલીત કરવાનો આધ્યાત્મિક રહસ્ય સમજીને સાચો દિપોત્સવ મનાવીએ.

જ્ઞાનસૂર્ય પરમાત્માના આપણે સૌ આત્મારૂપી દીપકો સંતાન છીએ. આપણે આત્માઓ-દીપકો જ્ઞાનસૂરજ ન બની શકીએ તો કંઈ નહીં પરંતુ આપણી સ્વયંની આત્માનો દીપક તો પ્રગટાવીએ અને જીવનપથ પર જ્ઞાનપ્રકાશ પાથરીએ અને સુખ-શાંતિ આનંદ અને પવિત્રતાનો અનુભવ કરીએ અને એવા પથ પર આપણા મિત્રસંબંધીઓને પણ સાથે ચાલવા પ્રેરણાખોત બનીએ એજ દીપાવલીની શુભભાવના અને શુભકામના સાથે. ઓમ શાંતિ...